
મજ્જેની LIFE

# કાફેઝમાં ન્યૂલી મેરિડ કપલનું આર્ટ ડેટિંગનો નવો ટ્રેન્ડ: કોફીની મજા સાથે શીખે અવનવા આર્ટ

તમે સિટીના અમુક કાફેઝમાં જશોને તો તમારી નજર સમક્ષ કાંઈક આવું દ્રશ્ય હશે કે કોઈ કપલ અથવા કોલેજના સ્ટુડન્ટ્સ કોફીની ચૂસ્કી અને પીઝા બર્ગરનો યમ્મી સ્વાદ માણી રહ્યાં છે અને સાથે વાઈન ગ્લાસ પર પેઈન્ટિંગ કરી રહ્યાં છે કે ફોટોફ્રેમ બનાવી રહ્યાં છે. તમારા દિમાગમાં એક ક્ષણ માટે આ સવાલ ઉઠશે કે આ કોફી પીવા માટેની પ્લેસ છે કે કલાકારી કરવાનું સ્થળ છે? આવું કેમ કરી રહ્યા છે? સુરતના કાફેઝમાં આ દ્રશ્ય છેલ્લાં કેટલાંક સમયથી દેખાઈ રહ્યું છે. જ્યારે કોઈના નવા નવા લગ્ન થયા હોય ત્યારે કપલ પોતાનો યાદગાર ટાઈમ સાથે સ્પેન્ડ કરવા માટેના પ્લેસીસ જોતું હોય છે. કોલેજના સ્ટુડન્ટ્સ મગજ થકવી નાખતી સ્ટડી બાદ અમુક કલાક સ્ટ્રેસ રિલીઝ કરવા માટે ગ્રુપમાં યાદગાર સમય વિતાવવા માંગે છે જે તેમના માઈન્ડને હળવું ફૂલ બનાવે. કપલ અને આવા સ્ટુડન્ટ્સ કાફેઝમાં કોફી અને સ્નેક્સની મજા લેવાની સાથે કાંઈક અનોખું કરે છે. તે શું છે અને કાફેમાં જ કેમ આવું કરાય છે તથા તેનો ટ્રેન્ડ કેટલાં સમયથી છે? ચાલો તેને સવિસ્તર જાણીએ...









### કપલ વધારે આવે છે, આર્ટને પ્રમોટ કરવા જગ્યા પ્રોવાઇડ કરાય છે

વેસુમાં સ્થિત એક કેફેના સંચાલક પ્રિયંકા રૂંગટાએ જણાવ્યું કે, અમે આર્ટિસ્ટને વર્કશોપ માટે જગ્યા પ્રોવાઇડ કરાવીએ છીએ. તેની પાછળનો ઉદ્દેશ્ય આર્ટને પ્રમોટ કરવાનો અને આર્ટિસ્ટ તથા વિવિધ આર્ટ હોંશે હોંશે શીખવા આવતા સુરતીઓનો ઉત્સાહ વધારવાનો છે. કેફેમાં કોફી, સ્નેક્સની મજા લેવા સાથે આર્ટ એક્ટિવિટીઝ માટે વધારે તો ન્યૂલી મેરિડ કપલ અને જેમના એંગેજમેન્ટ થયા છે તેઓ આવતા હોય છે. કોલેજ સ્ટુડન્ટ્સ તેમના ગ્રુપ સાથે આવે છે. સિટીમાં આવો ટ્રેન્ડ લગભગ ત્રણ-ચાર વર્ષથી છે. અહીં પોટરી આર્ટ (માટીમાંથી પોટ બનાવવા), વાઈન ગ્લાસ પેઈન્ટિંગ, કેન્વાસ પેઈન્ટિંગ અને બીજી આર્ટ એક્ટિવિટીઝ કરી માઈન્ડને સ્ટ્રેસ ફ્રી કરે છે.

### Gen-Z ને વધારે મજા આવે છે

Gen-Z કોઈપણ નાની એક્ટિવિટી જેમકે નાનું પેઈન્ટિંગ પણ કરેને તો તે મન લગાવીને કરે છે. તેઓ કલે આર્ટ, કેન્વાસ પેઈન્ટિંગ, ટોટ બેગ પેઈન્ટિંગ કરે તો તેની રિલ્સ બનાવી સોશિયલ મીડિયા પર અચૂક મૂકે. તેઓ સોશિયલ મીડિયાનો ખાસ્સો ઉપયોગ કરતા હોય છે. તેમને આવી બધી એક્ટિવિટી કરવી મનોરંજક લાગે છે.

## હસબન્ડ સાથે ક્વોલિટી ટાઈમ સ્પેન્ડ કરવા અમે બંને કેફે આર્ટ ડેટ કરીએ છીએ: સીમરન બંગ








સીમરન બંગ દ્વારા જણાવવામાં આવ્યું કે, હું અને મારા હસબન્ડ વર્કિંગ છીએ એને કારણે અમે બિઝી રહેતાં હોઈએ છીએ એટલે સાથે ક્વોલિટી ટાઈમ સ્પેન્ડ કરી શકાય તે માટે અમે કેફે આર્ટ ડેટ કરીએ છીએ. અમને કોફી પસંદ છે અને મને પેઈન્ટિંગ કરવું ગમે છે. કેફેમાં કોફી એન્જોય કરવાની સાથે કેન્વાસ પેઈન્ટિંગ પણ કર્યું છે અને વાઈન ગ્લાસ પેઈન્ટિંગ પણ કર્યું છે. અમારી ફર્સ્ટ એનિવર્સરી પર કોફીનું 3D પેઈન્ટિંગ કર્યું હતું જે અમારા રૂમમાં લગાવ્યું છે. હું જ્યારે જ્યારે તે પેઈન્ટિંગ જોઉ છું મને અમારી ફર્સ્ટ એનિવર્સરી યાદ આવી જાય છે. હું માનું છું કે આ રીતે કેફેમાં આયોજિત થતા વર્કશોપમાં તમે જે આર્ટ વર્ક કર્યું હોય તેને મેમરી તરીકે પ્રિઝર્વ કરી શકાય છે. અમને બંનેને કોફી ગમે છે અને મને પેઈન્ટિંગ કરવું ગમે છે એટલે અમે કેફે આર્ટ ડેટ કરીએ છીએ.



### લગ્નની સેવ ધ ડેટની રિલમાં કપલ ફોટાના સ્કેચ પણ જાતે બનાવતા શીખે છે

પ્રિ વેડિંગ શૂટ થતા હોય છે તેમાં લગ્નની સેવ ધ ડેટની રિલ્સ બનાવવા કપલ હાથમાં પોતાના જાતે બનાવેલા સ્કેચની નીચે સેવ ધ ડેટ મૂકે છે. આવા સ્કેચ બનાવતા શીખવા પણ કાફેમાં આયોજિત થતાં વર્કશેપમાં કપલ આવે છે. તે એક પ્રકારે કપલ માટે કાફે આર્ટ ડેટ થઈ જાય છે.






### યુઝફુલ થાય તેવા આર્ટ શીખે છે, જાતે બનાવેલા આર્ટથી ઘરને શણગારે છે: પ્રજ્ઞા અરોરા

આર્ટિસ્ટ પ્રજ્ઞા અરોરાએ જણાવ્યું કે, કાફેમાં અમે જે આર્ટ વર્કશોપ આયોજિત કરીએ છીએ તેમાં સુરતીઓ જે આર્ટ શીખીને પોતે બનાવેલી આર્ટિસ્ટિક વસ્તુઓ ઘરે લઈ જઈ યુઝ કરે છે. પેઇન્ટિંગ કરે તો તેને વોલ પર લગાવે કે પાઉચ પેઇન્ટિંગ કરી તેનો ઉપયોગ કરે છે. કપલમાં આવી આર્ટ એક્ટિવિટી કરવાનું વધારે જોવા મળે છે કેમકે, સુરતમાં કલબિંગ નથી, એક્ટિવિટીના બહુ ઓપશન નથી જેમાં કપલ ઇનવોલ્વ થઈ શકે. હસબન્ડ વાઈફ પોતપોતાના કામમાં બિઝી હોય તેમને સાથે સ્પેન્ડ કરી શકાય તેવો ટાઈમ જોઈએ. તેઓ બહાર જઈને યુઝફુલ આર્ટ શીખવાનું પ્રિફર કરવા લાગ્યા છે. આર્ટ એ સ્ટ્રેસ રિલીઝ કરતી થેરાપી પણ છે એટલે કાફેમાં લાઈટ સ્નેક્સ સાથે આવી એક્ટિવિટીની મજા લેવાનો ટ્રેન્ડ થોડા વર્ષોથી સુરતમાં મળી રહ્યો છે.

---

CREATIVE માઈન્ડ્સ

# ધુળેટીના ટ્રેન્ડી કલર.......

# ત્રિશુલ, ગદા, તલવાર પિચકારીથી કલર ઉત્સવ ઉજવશે સુરતીઓ

નજીકના મિત્રવર્તુળ અને પાડોશીઓ સાથે કલરફુલ મસ્તી કરવા માટે સુરતીઓ જેની રાહ જોઈ રહ્યં હતાં તે હોળી- ધુળેટીના તહેવારને બસ હવે આંગળીના વેઢે ગણી શકાય તેટલા જ દિવસો બાકી છે. મોજીલા સુરતીઓને તો બસ મોજ કરવા કોઈને કોઈ સેલિબ્રેશન જોઈએ. હોળી હોય કે દિવાળી ફુલમસ્તી કરવી એ જ તો સુરતીઓનો મિજાજ છે. શિવરાત્રીની ઉજવણી બાદ હવે હોળીના સેલિબ્રેશન માટે સુરતીઓ મૂડ બનાવી રહ્ય છે. તેમના આ મૂડને ટ્રેન્ડી બનાવવા આ વખતે ઘણું નવું બજારમાં આવી ગયું છે. સુનિતા વિલિયમ્સની અવકાશ યાત્રા તો બહુ લાંબી ચાલી હતી તેની સિદ્ધિને હોળીમાં યાદ કરાવવા સ્પેસ પિચકારી બજારમાં ધૂમ મચાવી રહી છે. આ ઉપરાંત દેશભરમાં ગાજેલી બોલીવુડ ફિલ્મો અને એક્ટર્સની યાદ અપાવતી પિચકારીઓ પણ ટ્રેન્ડમાં આવી છે. આ ઉપરાંત આ વખતે બજારમાં પિચકારી અને કલર્સમાં શું અવનવું છે તે જાણીએ...



### લો, હવે પિચકારીઓ પણ ''પુષ્પા ઝૂકેગા નહીં'' અને બહુબલીની અપાવશે યાદ




પિચકારી વિક્રેતાં વંદનાબેન દલાલે જણાવ્યું કે, આ વખતે ઘણી અવનવી ડિઝાઈનની પિચકારીઓ બજારમાં આવી છે. પુષ્પા-2 પિક્ચરમાં હીરો વૃક્ષો કાપવા કુહાડીનો ઉપયોગ કરે છે તે કુહાડીના આકારમાં ''પુષ્પા ઝૂકેગા નહીં'' પિચકારી બની છે. તલવાર આકારની પિચકારી બાહુબલી પિક્ચરની યાદ અપાવશે. સુનિતા વિલિયમ્સની અવકાશ યાત્રા યાદ અપાવતી સ્પેસ પિચકારી, હનુમાનની થીમ પર ગદા પિચકારી, ચીની ડ્રેગનના શેપની પિચકારી અને શિવજીના ત્રિશુલ શેપની પિચકારી લોકોને ભીંજાવાની સાથે કલરફુલ બનાવી દેશે. આ ઉપરાંત બાળકો માટે કાર પિચકારી આવી છે. હોળી પત્યા બાદ પણ આ પિચકારીમાંથી કારને છૂટી પાડવામાં આવતા જ તે બાળકો માટેનું રમકડું બની જશે.

### પિચકારીઓમાં ભારતની આત્મનિર્ભરતા દેખાશે

આ વખતે ચાઈનીઝ પિચકારીઓ કરતા ભારતમાં બનેલી પિચકારીઓ ટ્રેન્ડિંગમાં છે. પિચકારીઓમાં જેટલું પણ અવનવું દેખાય રહ્યું છે તેમા મોટાભાગની પિચકારીઓ મેડ ઈન ઈન્ડિયા છે. પિચકારીઓમાં ભારતની આત્મનિર્ભરતા આ વખતે આ સેલિબ્રેશનમાં દેખાશે.


### બટરફ્લાય, સ્પાઇડરમેનને સળગાવતા જ ગુલાલનો ફુવારો થાય

આપણે દિવાળીમાં ફટાકડા ફોડતા હોઈએ છીએ જેમાંથી ફાટફાટનો અવાજ નીકળે પણ આ વખતે ફટાકડા જેવા બટરફ્લાય, સ્પાઈડરમેન, ડ્રેગન હોળી-ધૂળેટીનું અટ્રેક્શન બનશે તેમને સળગાવતા જ અવાજ તો નહીં થાય પણ રંગબેરંગી ગુલાલ નીકળશે. હવે હર્બલ વોટર કલર પાણીમાં રાખતા જ ઓગળી જશે અને તે મેડ વીથ ગ્લુકોઝ હોવાથી મોઢામાં જાય તો પણ વાંધો નહીં આવે.






### શાવરવાળી પિચકારીમાંથી રાઉન્ડમાં પાણીનો આકર્ષક ફુવારો થાય



3 થી 12 વર્ષના બાળકો માટે અનોખી પિચકારી આવી છે. આ પિચકારીમાં પાણી ભરો અને તેને પ્રેસ કરો એટલે જાણે આકાશમાં સુંદરમજાની આતશબાજી થઈ રહી હોય તેમ રાઉન્ડમાં પાણીનો ફુવારો થાય. આ પિચકારીમાંથી લોકો પર પાણી ઉડાવવાને બદલે તેમાંથી ફુવારો કરી લોકોમાં આકર્ષણ ઉભું કરવા માટે બજારમાં લાવવામાં આવી છે. આ ઉપરાંત ચશ્માં વાળી પિચકારી નાના બાળકોને ઘણી પસંદ આવી રહી છે. આ પિચકારી ચશ્માંને આંખો પર લગાવીને બાજુની ગન પ્રેસ કરો એટલે ચશ્માંથી પાણીની પિચકારી થાય.

### પાલક, હળદરમાંથી બનાવેલા રંગો અને પેસ્ટલ હોળી કલર બન્યા છે ટ્રેન્ડિંગ





પેસ્ટલ હોલી કલર્સમાં બેબી પિંક, મિન્ટ ગ્રીન, સ્કાય બ્લુ કલરથી હોળી રમવાનો ટ્રેન્ડ છેલ્લાં એક-બે વર્ષથી જોવા મળી રહ્યો છે. આ કલર્સ નરમ અને સૌમ્ય હોય છે. તે આંખોને સૂકુન આપે છે વળી, કોમળ પણ છે અને શાંતિનો અહેસાસ પણ કરાવે છે. પાલકમાંથી ગ્રીન કલર, કાળીદ્રાક્ષના જ્યુસને સુકવીને બર્ગનડી કલર ને હળદરમાંથી યલો ઈકો ફ્રેન્ડલી કલર બનાવાય છે. તે ત્વચાને નુકસાન નહી કરે તેવા હોય છે.

---

મેરી સુરત ટેઢી આંખે
ગજેન્દ્ર મજીઠિયા

'સુરત' - રંગરંગીલું, મનમોજીલું, સદા ધબકતું આપણું આ શહેર; સૌને અપનાવતું, સૌને આવકારતું અને સૌને સુરતી બનાવી દેતા આ શહેરને કોઈ વળી રાજ્યનું આર્થિક પાટનગર કહે, તો કોઇ એને તેની ખાણી-પીણી માટે જાણે, કોઈ તેને દેશના સૌથી સ્વચ્છ શહેર તરીકે ઓળખે, તો કોઈ તેની પચરંગી પ્રજાને કારણે મિનિ - ભારત તરીકે સંબોધે. આપણા આ માનીતા શહેરના અનેક, વિવિધ રૂપો આપણે જોઈએ છીએ, જાણીએ છીએ; તેની જીવનશૈલી જીવીએ છીએ, માણીએ છીએ. તો અહીં 'સિટીપલ્સ'માં શરૂ થતાં આ વિભાગમાં આપણાં જાણીતા આ જ સુરત શહેરને એક અલગ દ્રષ્ટીએ બતાવવા પ્રયાસ કરીશું. સુરતના સિદ્ધહસ્ત કલાકાર અને કાર્ટૂનિસ્ટ ગજેન્દ્ર મજીઠિયા તેમની વિશિષ્ટ શૈલીમાં સુરતના તથા તેની રોજિંદી જીવનશૈલીના આગવા પાસાંને તેમની ખટમિઠ્ઠી સાથે થોડી તિક્ષ્ણ નજરે પ્રસ્તુત કરશે. ચિત્રમાં ક્યારેક થોડું રમુજ જણાશે, તો ક્યારેક થોડું વ્યંગ જણાશે. હા, પણ સુરતીપણું હંમેશાં છલકાશે!...

## ખસીકરણના નામે વહેંચાય ભ્રષ્ટાચારના 'પરબિડીયા', વધતાં રહેશે અમારાં ગલુડિયાં..




બાળકોને કરડીએ, ઈચ્છીએ તો મારી પણ નાંખીએ, કોઇ બગાડી શકે તેમ નથી અમારું, કારણ કે ખસીકરણના નામે ભરાય છે અધિકારીઓનું 'તરભાણું'... થાય છે દેખાડો અમને ઊંચકી જવાનો, ખસીકરણના નામે પોતાનાં ખિસ્સાં ભરવાનો.... ખાલી દેખાડાય છે સંખ્યા ખસીકરણની પણ વધતી રહે છે સંખ્યા અમારી 'ભસીકરણ'ની... દોડતાં વાહન પાછળ દોડીએ, ચાલકને પાડી દઈએ, પણ નથી તાકાત કોઈની અમને રોકવાની, એટલે જ તો હિંમત કરીએ છે અમે બાળકો જણવાની...